# માર્ગોની સાથે નગરના સરકારી બિલ્ડીંગોને પણ નવો લુક અપાશે

## સરકારી બિલ્ડીંગની સફાઈ અને કલરકામ હાથ ધરાયું

ગાંધીનગર, તા.૨૬

વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી વિશ્રામગૃહ, ટાઉનહોલ તેમજ સ્ટાફ ટ્રેનિંગ કોલેજના બિલ્ડીંગમાં પણ સફાઈ તેમજ રંગરોગાનનું કામ હાથ ધરવામાં આવ્યું છે. આ ઉપરાંત જૂના સચિવાલયના ગેટમાં કેટલ ટ્રેપ પણ બદલી નાંખવામાં આવ્યા છે.

વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરને પણ વાઈબ્રન્ટ લુક આપવામાં આવી રહ્યો છે. જેના લીધે સમગ્ર શહેરનો મેકઓવર કરવામાં આવી રહ્યો છે. આ દરમિયાન શહેરને ગંદકી અને દબાણયુક્ત બનાવવા સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. વાઈબ્રન્ટ દરમિયાન સરકારી બિલ્ડીંગોને પણ રોશનીથી શણગારવામાં આવશે જયારે હાલ આ બિલ્ડીંગોને નિખારવા જરુરી સફાઈ તેમજ રંગરોગાનનું કામ પણ શરુ કરી દેવાયું છે. વિશ્રામગૃહ, સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, ટાઉનહોલ તેમજ જુના સચિવાલયમાં પણ જાળવણીના સંદર્ભે જરુરી કામો હાથ ધરાયા છે. વિવિધ બિલ્ડીંગોને કલરકામ ઉપરાંત નાના મોટા સમારકામો કરવામાં આવી રહ્યા છે. જૂના સચિવાલયના ગેટ પાસે વધી ગટેલા કેટલ ટ્રેપ પણ કાઢીને નવા લગાવી દેવાયા છે. નગરના વિવિધ માર્ગોની સાથે સરકારી બિલ્ડીંગોને પણ નવો લુક આપવામાં આવી રહ્યો છે.







અભિવ્યક્તિ - ગાંધીનગર કલ્ચરલ ફોરમ સંચાલિત સ્કૂલ ઓફ એકટીંગ, સ્કૂલ ઓફ ડાન્સ અને સ્કૂલ ઓફ ડ્રોઈંગના તાલીમાર્થીઓ દ્વારા અનોખો રંગારંગ કાર્યક્રમ અભિવ્યક્તિ યોજાયો હતો. આ પ્રસંગે ૨૫૦થી વધુ તાલીમાર્થીઓએ તૈયાર કરાયેલ ચિત્રોનું પ્રદર્શન પણ યોજાયું હતું. ગુજરાતના જાણીતા અદાકાર શ્રી સિદ્ધાર્થ રાંદેરિયા અને વરિષ્ઠ નૃત્યકાર સ્મિતા શાસ્ત્રીએ ઉપસ્થિત રહી તાલીમાર્થીઓને બિરદાવ્યા હતા.









(તસવીર : દિપક જાની)

# શહેરમાં આતંકવાદી ઘુસ્યાની બીજીવાર મોકડ્રીલ યોજાઈ

## મહાત્મા મંદિર બાદ સે.૧૭ એક્ઝીબેશન સેન્ટર ખાતે મોકડ્રીલ : રસ્તાઓ બ્લોક કરી દેવાયા



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા.૨૬

વાઈબ્રન્ટ સમિટને પગેલ ગાંધીનગર શહેરમાં અનેક ખ્યાતનામ હસ્તીઓ ઉપસ્થિત રહેનાર છે જેને લઈ કોઈ આતંકવાદી હુમલો ન થાય તેની પોલીસ દ્વારા તકેદારી તો લેવાઈ જ રહીછે. પરંતુ જો તેમ છતાં આતંકવાદી ઘુસી જાય તો તેમનો સામનો કેવી રીતે કરવો તે માટેની કસરત કરવામાં આવી રહી છે. ગઈ કાલે મહાત્મા મંદિરમાં થયેલી મોકડ્રીલ બાદ આજે સે. ૧૭ એક્ઝીબીશન સેન્ટર ખાતે ત્રણ આતંકવાદીઓ ઘુસ્યાના મેસેજ સાથે મોકડ્રીલ યોજવામાં આવી હતી. જેમાં આતંદવાદીઓને ઠાર મારવામાં પોલીસ સફળ રહી હતી.

બપોરે બે વાગ્યે શરૂ થયેલી આ મોકડ્રીલ ત્રણેય આતંકવાદીઓને ટ્રેસ કરીને તેમને ગોળીથી વિંધી નાખ્યા બાદ ત્રણેકર કલાકને અંતે પુરી થઈ હતી. આ ઓપરેશનમાં કવીક રીસ્પોન્સ ટીમો, ચેતક કમાન્ડો અને બોમ્બ ડિસ્પોઝલ સ્કૉવર્ડ ઉપરાંત સ્થાનિક પોલીસનો કાફલો તથા ઈમર્જન્સી સેવાઓ જેવી કે ફાયર અને એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. તે ઉપરાંત એકઝીબીશન સેન્ટર તરફના તમામ પ્રવેશદ્વારો સીલ કરી દેવામાં આવ્યા હતા. જો કે આ બીજી મોકડ્રીલમાં પણ પોલીસને આતંકવાદીઓ ઠાર મારવામાં સફળતા મળી હતી.

# માર્ગ વચાળે સ્થિત સ્ટોર્મ વોટર ચેમ્બરોનું લેવલીંગ કરાયું

## ચેમ્બરોને ડામરની સપાટી સાથે સમથળ કરવા ટીમ કામે લાગી

ગાંધીનગર, તા.૨૬

વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરના માર્ગોને ચકાચક બનાવી દેવાયા છે. રીસરફેસીંગ ઉપરાંત રોડ ફર્નિચર પાછળ પણ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે માર્ગ વચાળે સ્થિત સ્ટોર્મ વોટરની ચેમ્બરોનું પણ લેવલીંગ કરવામાં આવી રહ્યું છે. અગાઉ 'ગ' માર્ગ પર વચાળે સ્થિત ચેમ્બરોને કોર્નર કરવામાં આવી હતી.

શહેરમાં હાલ વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ નીતનવા કામો હાથ ધરવામાં આવ્યા છે. રસ્તાઓનું રીસરફેસીંગ, સર્કલ સુશોભન, ફૂટપાથ તેમજ સફાઈ અને રંગરોગાનની કામગીરી ચાલી રહી છે. સમગ્ર શહેરને ન્યુ લુક આપવામાં આવી રહ્યો છે. આ દરમિયાન નગરના રોડ નેટવર્કને નિખારવા રોડ ફર્નિચરનું કામ પણ ચાલી રહ્યું છે. જેમાં માર્ગો પર કેટ આઈ, માર્કેટ સેન્ટ્રલ વર્જને કલર તેમજ થર્મોપ્લાસ્ટના પટ્ટા કરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત માર્ગો પર સ્થિત સ્ટોર્મ વોટરની ચેમ્બરો પણ કોર્નર કરવાનું કામ હાથ ધરાયું છે.

● અનુસંધાન પાન-૭ પર

# નિવૃત્ત સનદી અધિકારી આર.કે. શાહનું નિધન

નિવૃત્ત સનદી અધિકારી અને નગરના વરિષ્ઠ અધિકારી શ્રી આર.કે. શાહનું નિધન થતા ભારે શોકની લાગણી પ્રસરી ગઈ છે. રાજય સરકારના ગૃહ અને મહેસુલ જેવા મહત્વના વિભાગોમાં ફરજો અદા કરનાર આર.કે. શાહ રીલાયન્સ ગ્રુપમાં પણ વર્ષો સુધી વહીવટી અધિકારી તરીકે કાર્યરત હતા. સેકટર-૧૯ જીમખાનાના વાઈસ ચેરમેન તરીકે છેલ્લા ૧૫ વર્ષથી સેવાઓ આપતા શ્રી આર.કે. શાહ જીમખાનાની તમામ પ્રવૃત્તિઓનું તમામ સંકલન સંભાળતા હતા. નગરની અનેક નાની મોટી સામાજીક સંસ્થાઓમાં તેમનું યોગદાન હંમેશા નોંધનીય રહ્યું છે. જીમખાનાના ખજાનચી શ્રી નરેન્દ્રભાઈ શાહે સદ્ગતને અંજલી આપતા જણાવ્યું કે આર.કે. શાહના જવાથી જીમખાનાની પ્રવૃત્તિઓમાં ભારે ખોટ પડશે.

સદ્ગતની અંતિમ યાત્રા તા. ૨૭-૧૨-૨૦૧૪ને શનિવારના રોજ સેકટર-૭ ખાતેના તેમના નિવાસસ્થાનેથી સવારે ૯ વાગે નીકળશે. સદ્ગતનું બેસણું ૨૮મીને રવિવારે તેમના નિવાસસ્થાને રાખેલ છે.

# સે-૧૩માં અધુરું બાંધકામ ધરાવતા ૧૩ બ્લોક તોડી નંખાયા

## બી-કેટેગરીના આવાસોનું કામ કોન્ટ્રાકટરે અધુરું છોડી દીધું હતું : સાડા ત્રણ દાયકા બાદ આવાસોનો નિકાલ થયો

ગાંધીનગર, તા.૨૬

સે-૧૩માં ત્રણ દાયકા પૂર્વે અધુરા છોડી દેવાયેલા સરકારી બ્લોકને આખરે તોડી પાડવામાં આવ્યા છે. કોન્ટ્રાકટર દ્વારા બ્લોક બાંધવાનું કામ અધુરું છોડી દેવામાં આવ્યું હતું. જયારે કોર્ટે કેસ દાખલ થયા બાદ દાયકાઓથી આ આવાસ યથાવત સ્થિતિમાં હતા તંત્ર દ્વારા ૧૩ જેટલા બિનઉપયોગી બ્લોક તોડી નાંખવામાં આવ્યા છે.

શહેરમાં હાલ નિકાલ હેઠળના મકાનો તોડવાનું કામ શરુ કરવામાં આવ્યું છે. નિકાલ હેઠળના ૧૯૦૪ મકાનોપૈકી સે-૩૦માં આવાસો તોડવાનું કામ શરુ કરી દેવાયું છે. આ ઉપરાંત સે-૧૬માં પણ જોખમી આવાસો તોડવામાં આવી રહ્યા છે. બીજી તરફ શહેરમાં અધુરુ બાંધકામ ધરાવતા આવાસો પણ વર્ષોથી કંગાળ હાલતમાં ભાસી રહ્યા છે. સે-૨૩માં પણ આ પ્રકારના કંગાળ મકાનોમાં અનેક દુષણો પાંગરી રહ્યા છે. સે-૧૩માં પણ બી કેટેગરીના આવા બ્લોક બિનઉપયોગી હાલતમાં બિસ્માર ભાસતા હતા વર્ષ ૧૯૮૦-૮૧ના અરસામાં સરકારી બ્લોકના બાંધકામનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. જયારે આ આવાસો બાંધવાનું કામ કોન્ટ્રાકટર દ્વારા અધુરું છોડી દેવાતા વિવાદ સર્જાયો હતો. આ મામલે કોર્ટ કેસ દાખલ થતા લાંબા સમયથી સે-૧૩માં વિવિધ ૧૩ જેટલા બ્લોક અધુરા બાંધકામની હાલતમાં યથાવત રહ્યા હતા. આખરે તંત્ર દ્વારા બી કેટેગરીના આ બ્લોક તોડવાનું કામ પૂર્ણ કરી દેવાયું છે.



(તસવીર : દિપક જાની)

દોરી સામે સુરક્ષા - ઉત્તરાયણના પગલે પતંગ ઉડાડવામાં વપરાતી દોરી દ્વિચક્રી વાહન ચાલકોને ચહેરા અને ગળા પર થતી ઈજા ટાળવા ખાસ સુરક્ષા સ્ટેન્ડ તૈયાર કરાયું છે... હવે બાઈક ચાલક નિશ્ચિંતપણે ઉત્તરાયણના દિવસોમાં સ્ટેન્ડ લગાવી હરીફરી શકશે.

# પોતાની નબળાઈનો સ્વીકાર કરી મનની માવજત કરતા રહો : ગુરૂમા

સાતમા દિવસના પ્રારંભે પૂજય ગુરૂમાએ મનુષ્ય જીવનનું પરમ લક્ષ મોક્ષને પ્રાપ્ત કરવા શું કરવું તે સમજાવતા જણાવ્યું કે આ માટેની શરૂઆત ભગવદ્ ગીતાના અધ્યયનથી કરવાની છે. ગીતાજી સંપુર્ણ ગ્રંથ છે. જેમા મનુષ્ય જીવનના તમામ પાસાઓનું વર્ણન છે. ભગવાન શ્રીકૃષ્ણે પણ કહેલ છે કે ગીતા મે હૃદયં પાર્થ. ભગવાને કહ્યું છે કે, તું જયાં છે ત્યાંથી જ આગળ વધવાનું છે. ભાગેડુ વૃત્તિને જીવનમાં સ્થાન આપવાનું નથી. આ ઉપરાંત પવિત્ર એવી ગંગા નદીના જળનું પાન કરવાનું પણ સુચન કરેલ છે. શંકરાચાર્યજીએ વિશેષમાં જણાવ્યું છે કે, જે ઈષ્ટ દેવની પુજા અર્ચના કરે છે તેને યમ નગરીમાં જવું પડતું નથી. દરેકે ઈષ્ટ દેવની ભાવથી નિત્ય પુજા કરવી જેનાથી મન સ્વસ્થ થાય છે અને સુક્ષ્મ શરીર પુષ્ટ થાય છે.



**જ્ઞાનસત્ર**

એકવીસમા શ્લોકમાં ભગવાનને સમર્પિત ભાવથી પ્રાર્થના કરવામાં આવી છે. જન્મોજન્મથી ચાલતી ઘટમાળથી જીવનું રક્ષણ કરવાની આ પ્રાર્થના છે. તેનાથી મનુષ્યને આત્મબળ પ્રાપ્ત થાય છે અને પ્રભુની શકિત જીવના અવતરીત થાય છે. વળી તેનાથી મારો અહંકાર શિથીલ થાય છે, મનના ઉદ્વેગો શાંત થાય છે અને અંતર નિર્મળ બને છે.

અવધુત કોટીના વિરલ સંત કઈ રીતે જીવન જીવે છે તે જણાવતા શંકરાચાર્યજીએ જણાવ્યું કે તે જે ઉપલબ્ધ થાય તેવા વસ્ત્રો પહેરે છે તેને ભવિષ્યની કોઈ ચિંતા નથી અને વર્તમાનમાં જ જીવે છે. તેઓને પરલોકની પણ કોઈ ચિંતા નથી. બાળક જેવી રીતે સહજ સરળ વર્તમાનમાં જીવે છે તેવી જ રીતે અવધુતનું જીવન વર્તમાનમાં જ વિતે છે.

જીવનમાં પ્રાપ્ત થતા સંબંધોમાં તટસ્થ રહેવાનું અનેરું મહત્વ છે. આ બાબત સમજાવતા પૂજય ગુરૂમાએ જણાવ્યું કે, હું મારા અને મારી સાથે સંકળાયેલા લોકો સાથેના સંબંધો પોતાના ગણું છું અને અન્ય સર્વને પારકા ગણું છું. પરંતુ વાસ્તવમાં તમામ વ્યકિતઓની પાછળ રહેલ સત્, ચિત્ અને આનંદ સમાન છે. નામરૂપ મિથ્યા છે. વળી એ સનાતન સત્ય છે કે જે મારૂ હોય તે હું ન હોઈ શકું. આપણો મોટા ભાગનો સમય હું અને મારૂ કહેવામાં અને તેના વ્યવહારોમાં જ વ્યતિત થાય છે. તેમાંથી થોડો સમય મારા મુળ સ્વરૂપને સમજવા પોતાની જાત સાથે રહીને તેનું ચિંતન કરવા કાઢવો જોઈએ.

● અનુસંધાન પાન-૭ પર

# નાયબ પોલીસ અધિક્ષક કક્ષાના અધિકારીઓને રૂ. ૫૦૦ની મર્યાદામાં મોબાઈલ એર ટોક-ટાઈમની સુવિધા

ગાંધીનગર, તા.૨૬


વહીવટી તંત્ર બાદ હવે રાજય પોલીસ દળના નાયબ પોલીસ અધિક્ષક સંવર્ગના અધિકારીઓને મહિને રૂ. ૫૦૦ની મર્યાદામાં મોબાઈલ ટોક ટાઈમની સુવિધા આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજય સરકાર દ્વારા મહાનુભાવો અને ઉચ્ચ અધિકારીઓને વર્ષ ૧૯૯૮થી મોબાઈલ ફોનની સુવિધા પુરી પાડવામાં આવે છે. ત્યારબાદ સ્પર્ધાત્મક બજારમાં ઉપલબ્ધ થતી નવી હાઈ ટેક ટેકનોલોજી અને સેવાઓને ધ્યાને લઈને મોબાઈલ હેન્ડસેટની ખરીદી તથા મહાનુભાવો ને અધિકારીઓને મળવાપાત્ર એર ટોક ટાઈમ મર્યાદા નક્કી કરવાનો નિર્ણય કર્યો છે.

મંત્રીઓ અને ઉચ્ચ કક્ષાના મહાનુભાવો તેમજ અધિકારીઓ માટે મોબાઈલ ફોન મંજુર કરવા માટેની સક્ષમ સત્તા પણ નિયત થયેલ છે. મોબાઈલ ફોન જેવી હાઈ ટેક

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



અમારા પિતાશ્રી **મહેશચંદ્ર પી. જોષી** (સિનિયર મેનેજર, કેનેરા બેંક)નું દુઃખદ અવસાન થયેલ છે. **સદ્ગતનું સાદડી (બેસણું) તા. ૨૭/૧૨/૨૦૧૪ને શનિવારના રોજ બપોરે ૩-૩૦ થી ૫-૩૦** દરમિયાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**સ્થળ** : એ-૪૦, અર્નિરદેશસોસાયટી, પ્રમુખનગર, સરગાસણ ચોકડી, 'ખ' માર્ગ, ગાંધીનગર

લિ.

**મીનાક્ષીબેન એમ. જોષી** (પત્ની)
**રામચંદ્ર પી. જોષી** (ભાઈ) (મામલતદાર, ખંભાત)
**આદિત્ય એમ. જોષી** (પુત્ર)
**દેવાંશી આદિત્ય જોષી** (પુત્રવધૂ)
**પ્રાર્થનાબેન ધવલકુમાર શુક્લા** (પુત્રી)

## બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી આર. કે. શાહ (IAS Retd.) **રસિકલાલ કલ્યાણજી શાહ** તા. ૨૫-૧૨-૨૦૧૪ના રોજ સ્વર્ગવાસી થયેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૨૮/૧૨/૨૦૧૪, રવિવારના રોજ બપોરે ૩ થી ૫ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**બેસણાનું સ્થળ : સેક્ટર-૭/એ ગાર્ડન**

**અમારા નિવાસસ્થાન પ્લોટ નં. ૨૩૦ અને ચીપ ટાઈપ શોપીંગ સેન્ટરની પાછળ, સેક્ટર-૭/એ, ગાંધીનગર. મો. : ૯૮૯૮૭ ૩૦૩૬૫**

**સુકેતુ આર. શાહ (પુત્ર) લિ. દુષ્યંત આર. શાહ (પુત્ર)**

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
Kisan
ashirvad
C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com